અપીલ અરજી નં.૨૭૮ તા.૩૧–૧૨–૦૮

અરજદારઃ શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૪–૧૨–૦૮ની અરજીથી બેગમપુરા દુધારાશેરી ઘર નં.૪/૨૯૪–૨૯૬ વાળી મિલ્કતમાં ચાલતાં જરી ગીલીટ,ચાંદી ગીલીટ એકમો ચાલે છે તે બાબતે મિલ્કતના માલિકો પર હાલ બીપીએમસી એકટ મુજબ ૩૯૧૨,૩૯૧૩ થી કેસ ચાલતો હોવાથી સદર મિલ્કતના માલિકો જરી ગીલીટ તેમજ ચાંદી ગીલીટમાં વપરાતાં કેમીકલ્સનો ઉપયોગ કરી શકે? તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૧–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૭૮/૨૦૦૮–૦૯

શ્રી સુરેશ એમ. પટેલની તા.૪–૧૨–૦૮ની અરજીથી બેગમપુરા દુધારાશેરી ઘર નં.૪/૨૯૪–૨૯૬ વાળી મિલ્કતમાં ચાલતાં જરી ગીલીટ,ચાંદી ગીલીટ એકમો ચાલે છે તે બાબતે મિલ્કતના માલિકો પર હાલ બીપીએમસી એકટ મુજબ ૩૯૧૨,૩૯૧૩ થી કેસ ચાલતો હોવાથી સદર મિલ્કતના માલિકો જરી ગીલીટ તેમજ ચાંદી ગીલીટમાં વપરાતાં કેમીકલ્સનો ઉપયોગ કરી શકે? તેની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં .સી.ઝેડ/આરટીઆઈ/આ.નં૧૧૨૮ તા.૨૦–૧૨–૦૮ થી આપેલ માહિતીનો જવાબ તદ્દન ખોટો આપવામાં આવેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૧–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, ફી ભર્યાના આધાર કે તબદીલની નકલ સહિત, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૯૩૦ તા.૫–૧–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને પત્ર પાઠવવામા આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સ ે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૨૪૬ તા.૧૭–૧–૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારે ૪/૨૯૪,૨૯૬ વાળી મિલ્કતમાં ચાલતાં જરી ગીલીટ,ચાંદી ગીલીટ એકમો ચાલે છે તે બાબતે મિલ્કતના માલિકો પર હાલ બીપીએમસી એકટ મુજબ ૩૯૧૨,૩૯૧૩ થી કેસ ચાલતો હોવાથી સદર મિલ્કતના માલિકો જરી ગીલીટ તેમજ ચાંદી ગીલીટમાં વપરાતાં કેમીકલ્સનો ઉપયોગ કરી શકે? તેની માહિતી અરજદારે માંગેલ જણાય છે. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં૧૧૨૮ તા.૨૦–૧૨–૦૮ થી અરજદારને સમય મર્યાદામાં માહિતી પૂરી પડાયેલ છે. જેમાં સદર મિલ્કતોના "માલિક ધ્વારા જવલનશીલ પદાર્થોના સંગ્રહ/વપરાશ માટેનો પરવાનો રીન્યુઅલ ન કરેલ હોવાથી ઉપયોગ કરવા બદલ બીપીએમસી એકટની કલમ–૩૭૩(૧) મુજબ મ્યુ.કોર્ટમાં કેસ નં.૩૯૧૨ તથા નં.૩૯૧૩ દાખલ કરવામાં આવેલ છે તેવું જણાવેલ. અરજદારે અપીલ અરજીમાં સદર મિલ્કતોના માલિકો પર કેમીકલ વપરાશ કરે છે તે મુજબ કોર્ટમાં કેસ ચાલે છે તો કેમીકલ વપરાશ કરી શકે? અને તે બંધ કરાવવાની જવાબદારી મહાનગરપાલિકાની હોય છે તેવી રજુઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબમાં જણાવેલ છે કે કેમીકલ વપરાશ અંગે પરવાનો રીન્યુ ન કરાવેલ હોવાના કારણે ઉપયોગ કરવા બદલ કેસ ચાલે છે. પરંતુ કેસ ચાલતો હોય તેવા વપરાશકર્તા તેનો ઉપયોગ કે વપરાશ ચાલુ રાખી શકે કે કેમ? તે અંગે કોઈ માહિતી આપેલ નથી. જાહેર સત્તા મંડળના કાયદા અને નિયમો હેઠળ નાગરીક અધિકાર પત્ર તેમજ આરટીઆઈ એકટ હેઠળ કલમ–૪ હેઠળ સ્વયં જાહે રકરવા યોગ્ય માહિતી પૈકીની માહિતી ગણી શકાય તેવી માહિતી અરજદારે માંગેલ જણાય છે.

### હુકમ

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૪–૧૨–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી કોર્ટ કેસ ચાલુ હોય તેવા વપરાશ કર્તા તેનો ઉપયોગ કે વપરાશ ચાલુ રાખી શકે કે કેમ? તે અંગેની કાયદા અને નિયમની કરેલ જોગવાઈના સંદર્ભમાં હકીકતલક્ષી દફતરી માહિતી આરટીઆઈની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

*ડે.કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

**પ્રતિ**

(૧)શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ માટે
(૨) શ્રી સુરેશ એમ.પટેલ,